**<u>ગ્રામ્ય વિસ્તારના ગરીબ કુટુંબોના સર્વાંગી વિકાસ</u>**
**<u>માટેની શ્રમયોગી યોજનાના અમલીકરણ બાબત.</u>**

## ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આઈડીબી / ૧૦૨૦૧૧ / એસએફએસ / ૨૫૩૮ / ખ–૧
તા.૧/૧૦/૨૦૧૧

**<u>આમુખ : :</u>**

ગરીબી નિર્મુલનના ક્ષેત્રે રાજય સરકારશ્રીના અનેક પ્રયાસોના ભાગરૂપ ખાસ કરીને ગ્રામ વિકાસ વિભાગ અને અન્ય વિભાગો ધ્વારા આર્થિક ઉત્થાનની દિશામાં ગ્રામ્ય ગરીબોને સ્વરોજગારી અને અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ ધ્વારા તેઓના જીવનધોરણમાં ઉર્ધ્વગામી સુધારો હાલ અમલમાં છે. ગ્રામ્ય ગરીબો પૈકી સૌથી વધુ ગરીબ હોય તેવા કુટુંબોને વિવિધ યોજનાઓની લાભાર્થી યાદીમાં અગ્રતા આપી સરકારશ્રીની ગરીબો ઉનમુખ આર્થિક ઉત્થાનની નિતિ ની બુનિયાદને વધુ મજબુત બનાવવાનો નિર્ધાર કરવામાં આવેલ છે.

રાજયમાં ચાલતી ગ્રામ્ય વિકાસની અનેકવિધ યોજનાઓ અને કલ્યાણલક્ષી કાર્યક્રમોમાં ગ્રામ્ય ગરીબો પૈકી છેવાડાના અને સૌથી ગરીબ કુટુંબોને અગ્રતાક્રમે લાભાન્વિત કરી રાજયમાં વિકાસ કાર્યક્રમોની બુનિયાદ સંગીન અને વધુ વાસ્તવદર્શી બનાવવામાં આવે અને સુરાજયની દિશામાં વધુ વેગ આવે તથા રાજયના વિકાસનો પ્રવાહ સમાજના છેવાડાના ગરીબ માનવી સુધી પહોચતો થાય તે હેતુસર ગરીબ કુટુંબોના સર્વાંગી વિકાસ માટેની સુગ્રથીત, સંકલિત એવી શ્રમયોગી યોજના પુન : અમલી બનાવવામાં આવે છે.

એ સુવિદિત છે કે, રાજયમાં ચાલતી વિવિધ વિકાસલક્ષી યોજનાઓને સંકલિત કરીને આવા પરિવારોને એક નિયત સમય મર્યાદામાં ગરીબી રેખાની ઉપર લાવી સ્વનિર્ભર બનાવવા માટેની યોજનાના ભાગરૂપે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવનં. આઈડીબી / ૨૦૦૩ / એસએફએસ / ૧૭૮૬ / ખ–૧ તા. ૩૧–૭–૨૦૦૩ થી " શ્રમયોગી " યોજના તરીકે એકસુગ્રથીત, સંકલિત યોજના તા. ૩૧–૩–૨૦૦૮ સુધી અમલમાં મુકેલ હતી. જે તા. ૩૧–૩–૨૦૦૯ સુધી લંબાવવામાં આવેલ હતી.

સમગ્રલક્ષી સમીક્ષા કરતાં આ યોજનામાં જરૂરી ફેરફાર કરી નવીન અભિગમ સાથેની વધુ વાસ્તવદર્શી, વધુ અસરકારક અને વધુ પરિણામદાયી પુનઃસંસ્કરણિત યોજના કાર્યાન્વિત કરવા પુખ્ત વિચારણાના અંતે નકકી કરવામાં આવે છે.

**ઠરાવ : :**

રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યંત ગરીબ કુટુંબોને વિવિધ વિકાસ અને કલ્યાણલક્ષી યોજનાઓ / કાર્યક્રમોના અમલમાં લાભાર્થી તરીકે અગ્રિમતા આપવા એક સુગ્રથિત, સંતુલિત અને સંકલિત એવી શ્રમયોગી યોજનાનો પુનઃ પ્રારંભ કરવામાં આવે છે.

૧. આ યોજના " શ્રમયોગી " યોજના તરીકે ઓળખાશે અને સમગ્ર રાજયના ગ્રામ્ય વિસ્તારમાં અમલી બનશે. યોજનાની મુદત ઠરાવની તારીખથી તા. ૩૧–૭–૨૦૧૬ સુધીની રહેશે.

૨. આ યોજના હેઠળ પસંદ કરવામાં આવેલ કુટુંબોને રાજય સરકારના વિવિધ વિભાગો ધ્વારા અમલમાં મુકાતી યોજનાઓના લાભ અપાવીને તેમના માનવ વિકાસ આંકમાં (HDI) વાસ્તવિક સુધારો લાવવામાં આવશે.

૩. આ યોજનાનું સતત અને સઘન મોનીટરીંગ અને સુપરવિઝન " આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો " (ATVT) મારફત કરવામાં આવશે.

૪. આ યોજનાના અસરકારક અને સમવર્તી (concurrent) મૂલ્યાંકન તથા સોશિયલ ઓડિટની વ્યવસ્થા ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા કરવામાં આવશે.

૫. **શ્રમયોગી યોજનાના વિવિધ પાસાઓ :**

(અ) **લાભાર્થી કુટુંબોની પસંદગી :**

૧. રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ગરીબ કુટુંબો પૈકી સૌથી ગરીબ કુટુંબોને આ યોજનાના લાભાર્થી તરીકે પસંદ કરવાના રહેશે. ગામે બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ કુટુંબો પૈકી પસંદગીપાત્ર કુટુંબો પસંદ કરવાના રહેશે. પરંતુ બી.પી.એલ. યાદીમાં આવા કુટુંબોનો સમાવેશ થયેલ ન હોય તો તેવા કિસ્સામાં આવા કુટુંબોનો સમાવેશ કરવા માટે ગ્રામ સભામાં જરૂરી ઠરાવ કરાવવાનો રહેશે.

૨. શ્રમયોગી કુટુંબોની સંખ્યા ગામની વસ્તીના ધોરણે નકકી કરવાની રહેશે. ૧,૦૦૦થી સુધીની વસ્તી વાળા ગામોમાં મહત્તમ પાંચ અને ૧,૦૦૦થી વધારે વસ્તીવાળા ગામોમાં મહત્તમ ૧૦ શ્રમયોગી કુટુંબો પસંદ કરવાના રહેશે.

૩. અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિના કુટુંબોને અગ્રતા આપવાની રહેશે

૪. કુટુંબના મુખ્ય વ્યકિત તરીકે સ્ત્રી સભ્ય હોય તેવા કુટુંબોને અગ્રતા આપવાની રહેશે.

૫. જે કુટુંબની મુખ્ય વ્યકિત માનસિક અથવા શારિરિક વિકલાંગ હોય તેવા કુટુંબની અગ્ર પસંદગી કરવાની રહેશે.

૬. ઘર વિહોણાં કુટુંબને પસંદગીમાં અગ્રિમતા આપવાની રહેશે.

૭. લાભાર્થી કુટુંબ અંત્યોદય / બી.પી.એલ. કાર્ડ ધરાવતા હોવા જોઈશે અથવા તેવા કાર્ડ ધારણ કરવાની પાત્રતા ધરાવતા હોવા જોઈશે.

૮. પસંદગી પામનાર કુટુંબ જમીન વિહોણું હોવું જોઈશે. એટલે કે, કુટુંબની મુખ્ય વ્યકિત કે તેમના સંતાન પાસે સંયુકત ખાતે કે સ્વતંત્ર માલિકીની જમીન હોવી જોઈશે નહિં. તદઉપરાંત વડિલોપાર્જિત જમીનમાં પણ તેમનો ભાગ હોવો જોઈશે નહિં.

૯. જીવનનિર્વાહ માટે ભિક્ષાવૃતિથી આવક મેળવતા કુટુંબને પસંદગીમાં અગ્રિમતા આપવાની રહેશે.

૧૦. મદારી, નટ, બજાણિયા જેવા વ્યવસાય સાથે સંકળાયેલા કુટુંબોને પસંદગીમાં આવરી લેવાના રહેશે.

**(બ) કાર્યપધ્ધતિ : :**

૧. ઉપરોકત શરતો પરિપૂર્ણ કરનાર કુટુંબોને ગ્રામ સેવક અને ગ્રામ રોજગાર સેવક તરફથી પસંદ કરી તેની ચકાસણી કરી નિયત ફોર્મ ભરી સંબંધિત ગ્રામ પંચાયતને સુપ્રત કરવાના રહેશે. આ રીતે પસંદ કરેલ કુટુંબોની યાદીને ગ્રામસભામાં બહાલી મેળવવાની રહેશે અને આ યાદી તાલુકા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

૨. પ્રાંત અધિકારીશ્રી (ATVT) તરફથી આ શ્રમયોગી પરિવારોની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારીશ્રી આવા કુટુંબોને " શ્રમયોગી " કુટુંબ તરીકે જાહેર કરશે. આ રીતે જાહેર થયેલ " શ્રમયોગી " કુટુંબના નામની યાદી સંબંધિત ગ્રામ પંચાયતની કચેરીએ સ્પષ્ટપણે જોઈ શકાય તેવી રીતે બ્લેકબોર્ડ ઉપર પેઈન્ટથી લખવાની રહેશે.

૩. પસંદ થયેલ શ્રમયોગી કુટુંબોની ગામવાર યાદી તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સંબંધિત લાભ / સહાય સાથે સંકળાયેલ વિભાગની તાલુકા / જીલ્લા કચેરીને મોકલી આપવાની રહેશે અને તેવી કચેરીઓ તરફથી શ્રમયોગી કુટુંબને આપવામાં આવેલ

ભૌતિક અને નાણાંકીય લાભોની વિગતો દર માસે નિયમિત રીતે" આપણાં તાલુકો વાયબ્રન્ટ તાલુકો " (ATVT) તંત્ર અંતર્ગત પ્રાંત અધિકારીશ્રી અને સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

૪. આ યોજના હેઠળ પસંદ થનાર શ્રમયોગી કુટુંબને ફોટા સાથેનું ઓળખપત્ર આપવાનું રહેશે. જે કામગીરીનું સંકલન તાલુકા વિકાસ અધિકારીશ્રીએ કરવાનું રહેશે.

૫. " આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો " હેઠળ પ્રાંત અધિકારીશ્રીએ દરમાસે નિયમિત રીતે આ યોજનાની સમીક્ષા હાથ ધરવાની રહેશે.

૬. સદરહું યોજના અંતર્ગત અગાઉ જણાવ્યું તેમ અનેકવિધ યોજનાઓનો સમાવેશ કરી ગામના અતિ ગરીબ કુટુંબો પૈકીના ક્રમાનુસાર કુટુંબોમાંથી પસંદગી પ્રક્રિયાના અંતે પસંદગી કરી લાભાર્થી યાદી બનાવી યોજનાકીય લાભ માટે અગ્રતા આપવાની રહેશે.

૭. યોજનાકીય લાભ આપવા માટે સંબંધિત યોજનાના ધારા ધોરણોને ધ્યાનમાં રાખવાના રહેશે.

૮. ગામે સંબંધિત યોજનાના અમલમાં લાભાર્થીઓની પસંદગીમાં શ્રમયોગી કુટુંબોને લાભાર્થી તરીકે અગ્રતા આપવાની છે. એટલે કે, ગામે યોજનાના કુલ લાભાર્થીઓમાં શ્રમયોગી કુટુંબોનો અવશ્ય પણે સમાવેશ થાય તે જોવાનું રહેશે.

આ અંગે ઉદાહરણ રૂપ યોજનાઓનો સમાવેશ કરી આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. જે ધ્યાને રાખી લાગુ પડતી તમામ યોજનાઓમાં અમલ કરવાનો રહેશે.

**(ક) લાભાર્થી કુટુંબો પાસેથી અપેક્ષા : :**

શ્રમયોગી કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવી સ્વનિર્ભર બનાવવા આ પ્રયાસો ત્યારે જ સફળ થઈ શકે જયારે લાભાર્થી કુટુંબની પોતાની પણ આ પ્રયાસોમાં સક્રિય સામેલગીરી હોય અને તેની પાસેથી સરકાર જે અપેક્ષા રાખે છે તે પરિપુર્ણ કરવા લાભાર્થી કુટુંબ પોતે પણ નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ રહે.

શ્રમયોગી કુટુંબ પાસેથી નીચે મુજબની અપેક્ષાઓ રાખવામાં આવે છે.

૧. શ્રમયોગી તરીકે પસંદ થયેલા કુટુંબે ગ્રામસભા ધ્વારા કરવામાં આવનાર સામાજીક ઓડિટમાં નિયમિત અને સક્રિય ભાગ લેવાનો રહેશે. (આ અંગેની વ્યવસ્થા ગ્રામ રોજગાર સેવક ધ્વારા કરવાની રહેશે.)

૨. નાના કુટુંબનો આદર્શ સ્વીકારી કુટુંબ નિયોજન અપનાવવાનું રહેશે.

૩. સ્વાસ્થ્ય માટે હાનિકારક ટેવો જેમ કે, ધુમ્રપાન, મદિરાપાન તેમજ અન્ય કેફી દ્રવ્યોના સેવનને તિલાંજલી આપી વ્યસનમુકત અને સ્વસ્થ અને નિરોગી જીવન ગાળવાનું રહેશે.

૪. મહિલાઓના ગૌરવને અપમાનિત કરે તેવા સઘળા વ્યવહારો જેમ કે સ્ત્રી ભ્રુણ હત્યા, દહેજ પ્રથાનો ત્યાગ કરી દીકરા–દીકરીને સમાન ગણી બંન્નેના સ્વાસ્થ્ય અને શિક્ષણ તેમજ સંસ્કાર સિંચન માટે પ્રયત્નશીલ રહેવા પ્રતિજ્ઞા લેવાની રહેશે.

૫. પર્યાવરણ તથા જાહેર સંપતિનું જતન કરવા અજ્ઞાનતા અંધ વિશ્વાસ અને કુરિવાજોનો ત્યાગ કરી રાષ્ટ્રીય ઝુંબેશો માટે પોતાનો યથા શકિત ફાળો આપવાનો રહેશે.

૬. ગ્રામ્ય સફાઈ, સ્વચ્છતા જાળવવાના તથા ખુલ્લામાં મળત્યાગની પ્રથા નાબુદ કરવાના ગ્રામ પંચાયતના પ્રયત્નોમાં મદદરૂપ થઈ તેને સફળ બનાવવા સક્રિય ભાગ ભજવવાનો રહેશે.

૭. વિવાદોનો ઉકેલ સંવાદથી લાવી ગામની શાંતિ સુમેળ સંવાદિતા તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં મદદરૂપ થઈ પોતાનું આદર્શ નાગરિક તરીકેનું કર્તવ્ય નિભાવવાનું રહેશે. તીર્થ ગામની ભાવના અને વિચારોને સક્રિય યોગદાન આપવાનું રહેશે.

(ડ) <u>દેખરેખ અને મૂલ્યાંકન : :</u>

સદરહું યોજનાનો સુચારૂ અમલ કરી અતિ ગરીબ લાભાર્થી કુટુંબો ખરેખર ગરીબી રેખાની બહાર આવે તે માટે તેમનું સતત નિરીક્ષણ કરતા રહી આ પરિવારો સ્વનિર્ભર બને ત્યાં સુધી તેમની કાળજી લેવાની રહેશે. જયારે કોઈ શ્રમયોગી કુટુંબ જીવન નિર્વાહના સલામત તબકકે પહોંચી જાય ત્યારે અન્ય કુટુંબને સહાય આપવા પસંદ કરી લાભ આપવાના રહેશે.

આ યોજનાની સમગ્ર જવાબદારી તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી (ગ્રામ વિકાસ) અને પ્રાંત અધિકારીશ્રીએ નિભાવવાની રહેશે.

વધુમાં જુદી જુદી યોજનાઓ સાથે જોડાયેલ જીલ્લા કક્ષાના અધિકારીશ્રીઓએ પોતાનું વિશિષ્ટ યોગદાન આપવાનું રહેશે. આ અધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળના અધિકારીઓને જરૂરી સૂચનાઓ ધ્વારા આવી યોજનાનો અમલ યોગ્ય અને સારી રીતે થાય તેવું આયોજન ગોઠવવાનું રહેશે.

નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ જિલ્લા કક્ષાએ આ યોજનાનું માસિક મોનીટરીગ નિયમિત ધોરણે કરવાનું રહેશે તથા તે અંગેનો સમગ્ર જીલ્લાનો માસિક તથા વાર્ષિક સમીક્ષા અહેવાલ રાજ્ય કક્ષાએ રજુ કરવાનો રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હૂકમથી અને તેમના નામે.**

**( એસ. એન. મેજીયાતર )**
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. સર્વે મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. સર્વે રાજય કક્ષાના મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક મુખ્ય / અગ્ર / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નર–વ–અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેકટરશ્રી, જીએલપીસી, બ્લોકનં : ૧ ૮ / ૩, ઉધોગભવન, ગાંધીનગર
- રાજયના તમામ ખાતાના વડાશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ, ગાંધીનગર
- કલેકટરશ્રી – તમામ ( કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી મારફત )
- તાલુકા વિકાસ અધિકારીશ્રી (ગ્રામ વિકાસ) – તમામ ( કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી મારફત )
- પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત – તમામ ( કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી મારફત )
- ચેરમેન–વ–જિલ્લા વિકાસ એજન્સી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી – તમામ, ( કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી મારફત )
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,– તમામ, (કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી મારફત )
- પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, – તમામ, ( કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી મારફત )
- સિલેકટ ફાઈલે.

# પરિશિષ્ટ

## ગ્રામ્ય વિસ્તારના ગરીબ કુટુંબોના સર્વાંગી વિકાસ માટેની શ્રમયોગી યોજનાના અમલીકરણ બાબત.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈડીબી / ૧૦૨૦૧૧ / એસએફએસ / ૨૫૩૮ / ખ–૧ તા.૧–૧૦–૨૦૧૧ સાથેનું જોડાણ

| ક્રમ | વિભાગ નું નામ | યોજના નું નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | (૧) આંગણવાડી | (૧) શ્રમયોગી કુટુંબના પાત્રતા ધરાવતા તમામ બાળકોને આંગણવાડીમાં દાખલ કરાવવા<br>(૨) કુટુંબનું કોઈપણ બાળક ગ્રેડ–૩ અને ગ્રેડ–૪માં ન રહે તે માટે સતત દેખરેખ રાખવી. |
| | | (૨) ઘર દીવડાં | શ્રમયોગી કુટુંબની ૧૮ થી ૫૦ વર્ષની વય ધરાવતી મહિલાઓને ઘર દીવડા યોજનાનો લાભ આપવો.<br>ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની મહિલાઓના આર્થિક વિકાસ માટે આર્થિક પ્રવૃત્તિ ધ્વારા સહાય કરવાની યોજના છે. જેમાં અપંગ / અંધ મહિલાઓ માટે સહાયના ધોરણમાં વિશેષ જોગવાઈ છે. |
| | | (૩) જનરલ તાલીમ (કૌશલ્ય વર્ધન યોજના) | પરંપરાગત, બિન પરંપરાગત, આર્થિક પ્રવૃત્તિઓના નિર્માણ અને કૌશલ્ય વિકાસની તાલીમ યોજના હેઠળ શ્રમયોગી કુટુંબનો સમાવેશ કરવો. |
| | | (૪) દિકરી યોજના | આ યોજના હેઠળ પ્રોત્સાહન રૂપે સમાજસુરક્ષા બચત આપવામાં આવે છે. |
| ૨ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | (૧) રાષ્ટ્રિય સ્વાસ્થય બિમા યોજના | કેશ લેસ – દવા અને આરોગ્ય વિષયક સહાય. |
| | | (૨) ચિરંજીવી યોજના | યોજના સાથે સંકળાયેલ કોઈપણ હોસ્પિટલમા મફત પ્રસૂતિ |
| | | (૩) જનની સુરક્ષા યોજના | હોસ્પિટલ / ઘરે પ્રસૂતિના પ્રસંગે રોકડ સહાય યોજના. |
| ૩ | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | (૧) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના. | સરકારી તથા સરકાર માન્ય ખાનગી પ્રાથમિક શાળાના બાળકોને શ્રિષ્યવૃત્તિ યોજના. ( આદિજાતિને કન્યાઓને સહાય યોજના સહિત ) |
| | | (૨) વિદ્યા સાધના યોજના | પોતાના રહેઠાણથી અવર જવર કરીને અન્ય ગામ / શહેરમાં આવવા જવાના પ્રસંગે – અનુસુચિત જનજાતિની કન્યાઓને સાયકલ સહાય યોજના. |

| ક્રમ | વિભાગ નું નામ | યોજના નું નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | (૩) માનવગરીમા યોજના | ટુલ કીટ / સાધનો આપવાની યોજના છે. સ્વરોજગારી માટે વ્યવસાય કરી શકે તે માટે સહાયકારી યોજના છે. |
| | | (૪) મફત તબીબી સહાય યોજના. | ટી.બી., રકતપિત, પાડું રોગ, એઈડસ જેવા રોગના દર્દીઓ માટે સહાયક યોજના. |
| | | (૫) પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના | મકાન બાંધવા સહાય આપવાની યોજના. |
| | | (૬) કુંવરબાઈનું મામેરૂ | કન્યાના નામે આર્થિક સહાયની યોજના. |
| | | (૭) સાત ફેરા સમુહ લગ્ન | નવ યુગલને નર્મદા નિગમની શ્રીનીધી થાપણના સ્વરૂપમાં સહાય યોજના. |
| | | (૮) બેંકેબલ યોજના | કુટિર ઉદ્યોગ ધ્વારા માન્ય ધંધા માટે સહાયક યોજના. |
| | | (૯) વિકલાંગ સાધન સહાય યોજના. | વિકલાંગોને જીવનમાં ઉપયોગી બને તેવા સાધન ખરીદવા સાધન સહાય યોજના. |
| | | (૧૦) વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ માટેની સહાય આપવાની યોજના. | નિરાધાર વિકલાંગ વિધવાઓને મકાન બાંધવા માટેની સહાય યોજના. |
| | | (૧૧) અશકત અને વૃધ્ધ વ્યકિતઓને રોકડ સહાય (અંત્યોદય ) રાષ્ટ્રિય વૃધ્ધ સહાય પેન્શન યોજના. વય વંદના યોજના | માસિક સહાય યોજના |
| | | (૧૨) ડો. આંબેડકર આવાસ યોજના | અનુ.જાતિના લાભાર્થી માટેની વ્યકિતગત આવાસ સહાય યોજના. |
| | | (૧૩) મુનિ મેતરાજ શિષ્યવૃત્તિ યોજના | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીના બાળકોને શિષ્યવૃત્તિ સહાય યોજના. |
| ૪ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | (૧) સરદાર પટેલ આવાસ યોજના. | બી.પી.એલ. હેઠળ નોંધાયેલ લાભાર્થીઓને મકાન સહાય યોજના. |
| | | (૨) સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના | ગરીબી રેખા નીચે જીવતા વ્યકિતઓ માટે સ્વરોજગાર યોજના |

E:\Ayub\Shramyogi .docx

| ક્રમ | વિભાગ નું નામ | યોજના નું નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૪ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | (૩) મહાત્મા ગાંધી રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના | ગ્રામિણ કુટુંબોના પુખ્ત વયના સદસ્યશ્રીઓ માટેની નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછી ૧૦૦ દિવસની સ્વવેતન રોજગારીની યોજના. |
| | | (૪) ઈન્દિરા આવાસ યોજના | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટેની આવાસ સહાય યોજના. |
| | | (૫) સંપુર્ણ સ્વચ્છતા અભિયાન | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટેની સહાયક યોજના / વ્યકિતગત શૌચાલય પ્રોત્સાહક યોજના. |
| | | (૬) આમ આમદમી વીમા યોજના | ગરીબી રેખા નીચે જીવતા જમીન વિહોણા કુટુંબના મુખ્ય વડા તથા આવા કુટુંબની કમાતી વ્યકિતના અકસ્માત / અવસાનના કિસ્સામાં વારસદારને આર્થિક સહાયની યોજના. |
| | | (૭) હળપતિ ગૃહ નિર્માણ યોજના | મકાન બાંધકામ માટેની સહાય યોજના. |
| ૫ | શિક્ષણ વિભાગ | (૧) શાળા પ્રવેશ અને નિયમિતતા | (૧) પાત્રતા ધરાવતા દરેક બાળકનું શાળામાં નામાંકન<br>(૨) શાળામાં બાળકોની હાજરી સુનિશ્ચિત કરવી અને શિક્ષક ધ્વારા ગેરહાજરી મોનીટર કરવાની તથા જિલ્લા તંત્રને જાણ કરવાની વ્યવસ્થા ગોઠવવી. |
| | | (૨) વિદ્યાદીપ વિમા યોજના | પ્રાથમિક શાળાના અને આશ્રમ શાળાના વિદ્યાર્થીઓને સહાય યોજના. |
| | | (૩) વિદ્યા લક્ષ્મી યોજના | રાજયની પ્રાથમિક શાળામાં ધોરણ–૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાંર્થીનીઓને પ્રોત્સાહન યોજના. |